જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૬/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૫૯/૧૭**

**બળાત્કારના ગુનામાં છેલ્લા છ માસથી નાસતો ફરતો એક આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેર.એસઓજી ક્રાઇમબ્રાન્ચ**

સંયુક્ત પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનશ્રી નાઓએ આગામી રથયાત્રા અનુસંધાને મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબએસઓ.જીના અધિકારીઓ તેમની ટીમો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાનસાથેના પો.કો. જાહીદખાન મુનસફખાન તથા પોકો. અનવરખાના પીરખાન નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે“એક ઇસમ નામ આરીફ @ કટોરા શેખ રહે. જુહાપુરા અમદાવાદ નો કાલુપુર આઉટ ગેટ આગળ ઉભો છે. જેણે શરીરે કલરફુલ નાઇટ લેધીજ તથા ટી શર્ટ પહરેલ છે. ઇસમ સાંણદ પોલીસ સ્ટેશનના દુષ્કર્મ ના ગુનામાં સંડોવાયેલ અને ગુનામાં તેની ધરપકડ બાકી છે.”વિગેરે બાતમી હક્કિત આધારે વોચ કરતા સદરહું ઇસમ મળી આવતા તેની પુછપરછ કરતા પોતાનુ નામ આરીફ @ કટોરો પીરુભાઇ શેખ (ઉ.વ.30) (રહે. બી-૨૦ અજીમ પાર્ક વિભાગ-૨ ગોકુલધામ સોસાયટી પાછળ જુહાપુરા અમદાવાદ) હોવાનુ જણાવેલ તેમજ પોતે સાણંદ તાલુકાના તલાઉ ગામમાં રહેતીસોળેક વર્ષની છોકરી સાથે રાત્રીના સમયે ખેતરમાં દુષ્કર્મ કરેલ અને બુમાબુમ થતા ત્યાંથી નાસી ગયેલ જે ગુનામાં વોન્ટેડ હોવાની હકીકત જણાવેલ અને પોતાની ધરપકડ ટાડવા સારૂ છેલ્લા સાતેક માસથી નાસતો ફરતો હતો જેથી આ બાબતે સાણંદ પોસ્ટે.ફ.ગુ.ર.નં.૮૬/૧૬ ઇપીકો કલમ ૩૭૬ જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો સને. ૨૦૧૨ ના કાયદાની કલમ ૪,૫(L),૬,૮ મુજબ ગુનામાં નાસતો હોય સદરહું આરોપીને આજરોજ તા૧૯/૦૬/૨૦૧૭ ના કલાક ૧૪/૦૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ અટક અને વધુ તપાસઅર્થે સાણંદ તાલુકા પોલીસ સ્ટેશન તરફસોપવા તજવીજ હાથ ધરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.














નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.